# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : ઈતિહાસ
## પ્રથમ પરીક્ષા
## પ્રશ્નપત્રનું પરિરૂપ

સમય : 2 કલાક | ગુણ : 50

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

હેતુઓ પ્રમાણે ગુણભાર :

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 19 | 14 | 10 | 04 | 03 | 50 |
| ટકા (%) | 38 | 28 | 20 | 08 | 06 | 100 |

પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | કુલ | **27** | **34** | **50** |

પ્રકરણદીઠ ગુણભાર :

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | પ્રાચીન ભારતનો ઇતિહાસ જાણવાનાં સાધનો | 05 |
| 2. | હડપ્પીય સભ્યતા | 05 |
| 3. | વૈદિકધર્મ અને સંસ્કૃતિ-1 | 07 |
| 4. | વૈદિકધર્મ અને સંસ્કૃતિ-2 | 07 |
| 5. | જૈનધર્મ અને બૌદ્ધધર્મ | 07 |
| 6. | મહાજનપદો | 05 |
| 7. | મૌર્યયુગ | 07 |
| 8. | ઈ.સ. પૂર્વે 300થી ઈ.સ. 300 દરમ્યાનનું ભારત | 07 |
| | કુલ | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : ઈતિહાસ
## પ્રથમ પરીક્ષા

સમય : 2 કલાક **પ્રશ્નપત્રનું માળખું** ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 10 | નીચે આપેલા 1 થી 10 પ્રશ્નોના આપેલ વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **10** |
| | **વિભાગ-B** | |
| 11 થી 15 | નીચે આપેલા 11 થી 15 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **05** |
| | **વિભાગ-C** | |
| 16 થી 23 | નીચે આપેલા 16 થી 23 પ્રશ્નોમાંથી કોઈપણ 05 (પાંચ) પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો. **(દરેક પ્રશ્નના 02 ગુણ)** | **10** |
| | **વિભાગ-D** | |
| 24 થી 31 | નીચે આપેલા 24 થી 31 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)** **(નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછવામાં આવેલ કેસ સ્ટડી આધારિત પ્રશ્ન મુજબ કેસ સ્ટડીનો એક પ્રશ્ન મૂકવો.)** | **15** |
| | **વિભાગ-E** | |
| 32 થી 34 | નીચે આપેલા 32 થી 34 પ્રશ્નોમાંથી કોઈપણ 02 (બે) પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. **(દરેક પ્રશ્નના 5 ગુણ)** **(નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછવામાં આવેલ કેસ સ્ટડી આધારિત પ્રશ્ન મુજબ કેસ સ્ટડીનો એક પ્રશ્ન મૂકવો.)** | **10** |
| | કુલ ગુણ | **50** |

**નોંધ :** (1) પ્રથમ પરીક્ષામાં જૂનથી સપ્ટેમ્બર માસ સુધીનો અભ્યાસક્રમ પૂછવાનો રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : ઈતિહાસ

## દ્વિતીય પરીક્ષા

**સમય : 2 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **ગુણ : 50**

**નોંધ :** આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 19 | 14 | 10 | 04 | 03 | 50 |
| ટકા(%) | 38 | 28 | 20 | 08 | 06 | 100 |

**પ્રશ્નના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નનો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 15 | 15 | 15 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 05 | 08 | 10 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 05 | 08 | 15 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA) | 02 | 03 | 10 |
| | **કુલ** | **27** | **34** | **50** |

**પ્રકરણ પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણ દીઠ ગુણભાર |
|---|---|---|
| 1. | પ્રાચીન ભારતનો ઇતિહાસ જાણવાનાં સાધનો | 02 |
| 2. | હડપ્પીય સભ્યતા | 01 |
| 3. | વૈદિકધર્મ અને સંસ્કૃતિ-1 | 02 |
| 4. | વૈદિકધર્મ અને સંસ્કૃતિ-2 | 02 |
| 5. | જૈનધર્મ અને બૌદ્ધધર્મ | 02 |
| 6. | મહાજનપદો | 02 |
| 7. | મૌર્યયુગ | 02 |
| 8. | ઈ.સ. પૂર્વે 300થી ઈ.સ. 300 દરમિયાનનું ભારત | 02 |
| 9. | ગુપ્તકાલીન ભારત | 07 |
| 10. | ગુપ્તયુગ - હર્ષવર્ધનકાલીન સમાજ અને સંસ્કૃતિ | 07 |
| 11. | હર્ષવર્ધન પછીના સમયમાં ભારતીય સમાજ અને સંસ્કૃતિ | 07 |
| 12. | મધ્યયુગીન ભારત | 07 |
| 13. | ભારતનાં રાજપૂત રાજ્યો | 07 |
| | **કુલ** | **50** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : ઈતિહાસ

## દ્વિતીય પરીક્ષા

## પ્રશ્નપત્રનું માળખું

સમય : 2 કલાક | ગુણ : 50

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 10 | નીચે આપેલા 1 થી 10 પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **10** |
| | **વિભાગ-B** | |
| 11 થી 15 | નીચે આપેલા 11 થી 15 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **05** |
| | **વિભાગ-C** | |
| 16 થી 23 | નીચે આપેલા 16 થી 23 પ્રશ્નોમાંથી કોઈપણ 05 (પાંચ) પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો. **(દરેક પ્રશ્નના 02 ગુણ)** | **10** |
| | **વિભાગ-D** | |
| 24 થી 31 | નીચે આપેલા 24 થી 31 પ્રશ્નોમાંથી કોઈપણ 05 પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)** **(નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછવામાં આવેલ કેસ સ્ટડી આધારિત પ્રશ્ન મુજબ કેસ સ્ટડીનો એક પ્રશ્ન મૂકવો.)** | **15** |
| | **વિભાગ-E** | |
| 32 થી 34 | નીચે આપેલા 32 થી 34 પ્રશ્નોમાંથી કોઈપણ 02 (બે) પ્રશ્નોના સવિસ્તર ઉત્તર લખો. **(દરેક પ્રશ્નના 5 ગુણ)** **(નોંધ : વાર્ષિક પરીક્ષાના નમૂનાના પ્રશ્નપત્રમાં પૂછવામાં આવેલ કેસ સ્ટડી આધારિત પ્રશ્ન મુજબ કેસ સ્ટડીનો એક પ્રશ્ન મૂકવો.)** | **10** |
| | કુલ ગુણ | **50** |

**નોંધ :** (1) દ્વિતીય પરીક્ષા માટે જૂનથી ડિસેમ્બર સુધીનો અભ્યાસક્રમ રહેશે. જેમાં જૂનથી સપ્ટેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 30% અભ્યાસક્રમ અને ઓક્ટોબરથી ડિસેમ્બર સુધીના અભ્યાસક્રમમાંથી 70% અભ્યાસક્રમ રહેશે.

(2) વાર્ષિક પરીક્ષાનાં નમૂનાનાં પ્રશ્નપત્રમાં મૂકવામાં આવેલ ક્ષમતા આધારિત પ્રશ્નો (CBQ) મુજબના પ્રશ્નો પ્રશ્નપત્રના તમામ વિભાગોના મળીને કુલ અંદાજિત 50% ગુણના પ્રશ્નો પ્રથમ, દ્વિતીય પરીક્ષાના પ્રશ્નપત્રમાં પૂછવાના રહેશે.

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : ઈતિહાસ

## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **પ્રશ્નપત્રનું પરિરૂપ** **ગુણ : 80**

નોંધ : આ પરિરૂપ વિદ્યાર્થીઓ, શિક્ષકો, પ્રાશ્નિકો, મોડરેટર્સ વગેરેના માર્ગદર્શન માટે છે. જે તે વિષયોના પ્રાશ્નિક તેમજ મોડરેટર્સને માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના બૃહદ્ હાર્દ/ઉદ્દેશને સુસંગત રહી પ્રશ્નપત્રની સંરચના બાબતે ફેરફાર કરવાની છૂટ રહેશે.

**હેતુઓ પ્રમાણે ગુણભાર :**

| હેતુઓ | જ્ઞાન (K) | સમજ (U) | ઉપયોજન (A) | ઉચ્ચ વૈચારિક કૌશલ્ય | | કુલ |
|---|---|---|---|---|---|---|
| | | | | સંયોજન/વિશ્લેષણ | અનુમાન/મૂલ્યાંકન | |
| ગુણ | 24 | 20 | 20 | 08 | 08 | 80 |
| ટકા(%) | 30 | 25 | 25 | 10 | 10 | 100 |

**પ્રશ્નોના પ્રકાર પ્રમાણે ગુણભાર :**

| ક્રમાંક | પ્રશ્નો પ્રકાર | પ્રશ્નોની સંખ્યા | | કુલ ગુણ |
|---|---|---|---|---|
| | | વિકલ્પ વિના | વિકલ્પ સાથે | |
| 1. | હેતુલક્ષી પ્રશ્નો (O) | 24 | 24 | 24 |
| 2. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-I) | 10 | 14 | 20 |
| 3. | ટૂંકજવાબી પ્રશ્નો (SA-II) | 07 | 10 | 21 |
| 4. | વિસ્તૃત જવાબી પ્રશ્નો (LA-) | 03 | 05 | 15 |
| | **કુલ** | **44** | **53** | **80** |

**પ્રકરણ પ્રમાણે ગુણભાર :**

| ક્રમ | પ્રકરણનું નામ | પ્રકરણદીઠ ગુણભાર | |
|---|---|---|---|
| | | જનરલ વિકલ્પ વિના | જનરલ વિકલ્પ સાથે |
| 1. | પ્રાચીન ભારતનો ઈતિહાસ જાણવાનાં સાધનો | 04 | 06 |
| 2. | હડપ્પીય સભ્યતા | 04 | 06 |
| 3. | વૈદિકધર્મ અને સંસ્કૃતિ-1 | 07 | 07 |
| 4. | વૈદિકધર્મ અને સંસ્કૃતિ-2 | 07 | 09 |
| 5. | જૈનધર્મ અને બૌદ્ધધર્મ | 07 | 09 |
| 6. | મહાજનપદો | 05 | 07 |
| 7. | મૌર્યયુગ | 07 | 07 |
| 8. | ઈ.સ. પૂર્વે 300થી ઈ.સ. 300 દરમિયાનનું ભારત | 07 | 09 |
| 9. | ગુપ્તકાલીન ભારત | 05 | 07 |
| 10. | ગુપ્તયુગ - હર્ષવર્ધનકાલીન સમાજ અને સંસ્કૃતિ | 04 | 06 |
| 11. | હર્ષવર્ધન પછીના સમયમાં ભારતીય સમાજ અને સંસ્કૃતિ | 04 | 06 |
| 12. | મધ્યયુગીન ભારત | 04 | 06 |
| 13. | ભારતનાં રાજપૂત રાજ્યો | 06 | 08 |
| 14. | દિલ્હી સલ્તનત | 05 | 08 |
| 15. | મુઘલ યુગ | 04 | 06 |
| | **કુલ** | **80** | **107** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25

## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)

## વિષય : ઈતિહાસ

## વાર્ષિક પરીક્ષા

## પ્રશ્નપત્રનું માળખું

સમય : 3 કલાક | ગુણ : 80

| પ્રશ્ન ક્રમ | વિભાગ તથા પ્રશ્નની વિગત | ગુણ |
|---|---|---|
| | **વિભાગ-A** | |
| 1 થી 16 | નીચે આપેલા 1 થી 16 પ્રશ્નોના આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને ઉત્તર લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **16** |
| | **વિભાગ-B** | |
| 17 થી 24 | નીચે આપેલા 17 થી 24 પ્રશ્નોના ઉત્તર એક વાક્યમાં લખો. **(દરેક પ્રશ્નનો 01 ગુણ)** | **08** |
| | **વિભાગ-C** | |
| 25 થી 38 | નીચે આપેલા 25 થી 38 પ્રશ્નોમાંથી કોઈપણ 10 (દસ) પ્રશ્નોના ઉત્તર ટૂંકમાં લખો. **(દરેક પ્રશ્નના 02 ગુણ)** | **20** |
| | **વિભાગ-D** | |
| 39 થી 48 | નીચે આપેલા 39 થી 48 પ્રશ્નોમાંથી કોઈપણ 7 (સાત) પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો. **(દરેક પ્રશ્નના 03 ગુણ)**<br>**નોંધ : કેસ સ્ટડી આધારિત એક પ્રશ્ન મૂકવો.** | **21** |
| | **વિભાગ-E** | |
| 49 થી 53 | નીચે આપેલા 49 થી 53 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ 3 (ત્રણ) પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો. **(દરેક પ્રશ્નના 05 ગુણ)**<br>**નોંધ : કેસ સ્ટડી આધારિત એક પ્રશ્ન મૂકવો.** | **15** |
| | કુલ ગુણ | **80** |

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## શૈક્ષણિક વર્ષ - 2024-25
## ધોરણ-11 (સામાન્ય પ્રવાહ)
## વિષય : ઈતિહાસ
## વાર્ષિક પરીક્ષા

**સમય : 3 કલાક** **નમૂનાનાનું પ્રશ્નપત્ર** **ગુણ : 80**

- આ પ્રશ્નપત્રમાં પાંચ વિભાગ છે અને 53 પ્રશ્નો છે.
- પ્રશ્નોની સૂચના પ્રમાણે ઉત્તર લખવા
- નવો વિભાગ નવા પાના પર જ લખવો.

## વિભાગ - A

- **નીચે આપેલા 1 થી 16 પ્રશ્નોમાં આપેલા વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરી ઉત્તર લખો : (પ્રત્યેકનો 1 ગુણ)** **[16]**

(1) ભારતનાં કયા સિક્કા સૌથી જૂના હોવાનું મનાય છે ?

(A) પંચમાર્ક સિક્કા (B) ગધૈયા સિક્કા

(C) કાણિયા સિક્કા (D) એક પણ નહિ

(2) વિશાળ સ્નાનાગર : મોહેં-જો-દડો, ખેડેલા ખેતરના પુરાવા :

(A) હડપ્પા (B) ધોળાવીરા

(C) કાલીબંગન (D) લોથલ

(3) નીચેનામાંથી કોનું વિધાન સાચું નથી ?

પ્રિયા : વૈદિક ઈતહાસ જાણવાનો મહત્ત્વપૂર્ણ સ્રોત ઋગ્વેદ છે.

પિન્કી : ઋગ્વેદ દસ (10) પ્રકરણોમાં વહેંચાયેલો છે.

હાર્દ : ઋગ્વેદ ગદ્યમાં રચાયેલો છે.

મનિષ : ઋગ્વેદમાં 1028 જેટલા સૂક્તો આવેલા છે.

(A) પિન્કી (B) હાર્દ

(C) મનિષ (D) પ્રિયા

(4) ષડ્ દર્શન એટલે શું ?

(A) ષડ્ કરવાનું યંત્ર (B) સાંઈદર્શન

(C) છળદર્શન (D) છ દર્શન

(5) જૈન શાસ્ત્રોના મતાનુસાર પ્રથમ તીર્થંકર ઋષભદેવ (આદિનાથ) હતા તો ચોવીસમા તીર્થંકર કોણ હતા ?

(A) અજિતનાથ (B) પદ્મપ્રભુ

(C) વાસુપૂજ્ય (D) મહાવીર સ્વામી

(6) કઈ નૃત્યાંગનાએ પોતાનું આમ્રવન બુદ્ધનાં શરણે ધર્યું હતું ?

(A) હિમાની (B) આમ્રપાલી

(C) ગણિકા (D) સારિકા

(7) કૌટિલ્યનું અર્થશાસ્ત્ર કયા વિષય પર પ્રકાશ પાડતો ગ્રંથ છે ?

(A) મૌર્યના વહીવટીતંત્રની માહિતી

(B) મૌર્ય સામ્રાજ્યનો ઇતિહાસ

(C) મૌર્યકાલીન રાજ્યનું સ્વરૂપ, સિદ્ધાંતો, રાજાના કર્તવ્ય

(D) કર વ્યવસ્થા અને રાજકીય સ્વરૂપ

(8) કૌરવ-પાંડવ યુદ્ધ વર્ણવતા ગ્રંથ 'મહાભારત'નું મૂળ નામ શું હતું ?

(A) બૃહદ સંહિતા (B) ગૃહ સંહિતા

(C) યુદ્ધ સંહિતા (D) જય સંહિતા

(9) કયા વર્ષને ગુપ્ત સંવત કહેવામાં આવે છે ?

(A) ઇ.સ. 317 (B) ઇ.સ. 318

(C) ઇ.સ. 319 (D) ઇ.સ. 320

(10) જોડકાં જોડો :

| 'અ' | 'બ' |
|---|---|
| (1) ગણિતશાસ્ત્ર | (A) નાગાર્જુન |
| (2) ખગોળશાસ્ત્ર | (B) આર્યભટ્ટ |
| (3) જ્યોતિષશાસ્ત્ર | (C) વરાહમિહીર |
| (4) રસાયણશાસ્ત્ર | (D) પારાસર મુનિ |

(A) 1-B, 2-C, 3-D, 4-A (B) 1-C, 2-B, 3-A, 4-D

(C) 1-B, 2-C, 3-A, 4-D (D) 1-B, 2-A, 3-D, 4-C

(11) નીચેનાં વિધાનો વાંચી સાચો વિકલ્પ પસંદ કરો :

(1) કૃષ્ણ પહેલાના શાસનકાળમાં ઇલોરાના મંદિરો બંધાયા.

(2) ઇલોરાનાં મંદિરો 7મી સદીમાં બંધાયા હતા.

(3) સ્થાપત્ય કલાના ઉત્તમ નમૂના તરીકે ઇલોરાની ગુફાનું કૈલાસમંદિર જગપ્રસિદ્ધ છે.

(A) 1 અને 3 વિધાન સાચા છે. (B) 2 અને 3 વિધાન સાચા છે.

(C) તમામ વિધાનો સાચા છે. (D) તમામ વિધાનો ખોટાં છે.

(12) કુંભલગઢનો કિલ્લો કયા રાજ્યમાં આવેલો છે ?

(A) ગુજરાત (B) મધ્યપ્રદેશ

(C) દિલ્હી (D) રાજસ્થાન

(13) નેપાળમાં શિવધર્મનું કયું સુપ્રસિદ્ધ મંદિર આવેલું છે ?

(A) પશુપતિનાથ (B) શૈલદેવ

(C) ઓમકારેશ્વર (D) સ્વયંભૂ

(14) દિલ્હી સલ્તનતના રાજવંશોને તેમના વંશાનુક્રમ અનુસાર ગોઠવો :

(1) ગુલામ

(2) તુઘલક

(3) સૈયદ


(4) ખલજી

(5) લોદી

(A) 1, 4, 2, 3, 5 (B) 5, 2, 1, 4, 3

(C) 1, 2, 3, 4, 5 (D) 1, 3, 4, 2, 5

(15) આપેલ ચિત્ર ઓળખી બતાવો :



(A) ભદ્રનો કિલ્લો (B) કુંભલગઢ

(C) કુતુબમિનાર (D) ગોળગુંબજ

અથવા

(15) નીચેનામાંથી અમદાવાદમાં કયું સ્થાપત્ય આવેલું છે ? **(ફક્ત દૃષ્ટિહીન ઉમેદવાર માટે)**

(A) ભદ્રનો કિલ્લો (B) કુંભલગઢ

(C) કુતુંબમિનાર (D) ગોળગુંબજ

(16) અકબરનો જન્મ ક્યાં થયો હતો ?

(A) અમરકોટ (B) તહેરાન

(C) દિલ્હી (D) આગ્રા

## વિભાગ - B

- **નીચે આપેલા 17 થી 24 પ્રશ્નોનાં ઉત્તર એક વાક્યમાં લખો : (પ્રત્યેકનો 1 ગુણ)** **[08]**

(17) મને ઓળખો... 'હું વૈદિક ઇતિહાસ જાણવાનો સૌથી મહત્ત્વપૂર્ણ સ્રોત છું'.

(18) અજ્ઞાનનો નાશ કરીને પરમતત્ત્વ કે જ્ઞાન તરફ ગતિ કરનાર શાસ્ત્ર એટલે ....

(19) 'ભલે મારો દેહ નાશ પામે કે ન રહે, હવે હું આ આસન પરથી ત્યાં સુધી ઊઠીશ નહિ જ્યાં સુધી મને સાચું અને પૂર્ણ જ્ઞાન-બોધ પ્રાપ્ત નહિ થાય.' આ પ્રતિજ્ઞા કોણે લીધી હતી ?

(20) મહાવીર સ્વામીના નિર્વાણ સ્થાનનું નામ શું છે ?

(21) કલિંગનું યુદ્ધ કયા મહાન સમ્રાટના હૃદયપરિવર્તન સાથે સંકળાયેલું છે ?

(22) સંગમ સાહિત્યની ભાષા કઈ હતી ?

(23) કયા ગુપ્ત રાજવીને ભારતનો નેપોલિયન કહેવામાં આવે છે ?

(24) 'શિવબાવની' ગ્રંથના લેખક કોણ હતા ?

## વિભાગ - C

- **નીચે આપેલા 25 થી 38 પ્રશ્નોમાંથી કોઈપણ દસ (10) પ્રશ્નોના ટૂંકમાં ઉત્તર લખો : (પ્રત્યેકનાં 2 ગુણ)** **[20]**

(25) ભારતમાં મળી આવેલા સ્મારકોનાં નામ જણાવો.

(26) હડપ્પીય સભ્યતાનો વેપાર કોની સાથે થતો હતો ?

(27) મુખ્ય ઉપનિષદોના નામ જણાવો.

(28) જૈન ધર્મનાં પાંચ વ્રતો અને સમિતિઓ જણાવો.

(29) 'મહાજનપદ' એટલે શું ?

(30) કૌટિલ્યનાં અર્થશાસ્ત્ર વિશે જણાવો.

(31) ગૌતમ બુદ્ધની પ્રતિમા જે શૈલીમાં તૈયાર થઈ હતી તે શૈલીનું વર્ણન કરો.

(32) ફાહિયાન વિશે જણાવો.

(33) ભારત અને વિશ્વ સાહિત્યની શ્રેષ્ઠ નાટ્યકૃતિ 'અભિજ્ઞાન શાંકુન્તલમ્'ના રચયિતા સંસ્કૃત સાહિત્યના મહાકવિ કાલિદાસની અન્ય કૃતિઓના નામ જણાવો.

(34) હાલમાં નવી પ્રચલિત દસ રૂપિયાની ચલણી નોટ પર આપેલ સ્થાપત્ય ઓળખી તેના વિશે માહિતી આપો.

(35) અલબરુની કોણ હતો ?

(36) રાષ્ટ્રકૂટ રાજવી કૃષ્ણ પ્રથમે ઇલોરામાં કયું મંદિર બંધાવ્યું ?

(37) અમીર ખુશરો વિશે માહિતી આપો.

(38) મુઘલ બાદશાહ અકબરની ધાર્મિક નીતિનું પરીક્ષણ કરો.

## વિભાગ - D

- **નીચે આપેલા 39 થી 48 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ સાત (07) પ્રશ્નોના મુદ્દાસર ઉત્તર લખો : (પ્રત્યેકનાં 3 ગુણ)** **[21]**

(39) શું તમે માનો છો કે, - 'સિક્કાઓ ઇતિહાસ જાણવાનું અગત્યનું સાધન છે.' - તમારા વિચારો જણાવો.

(40) 'લોથલ હડપ્પીય સભ્યતાનું મહાન આર્થિક કેન્દ્ર હતું.' — સ્પષ્ટ કરો.


(41) લિચ્છવીઓની પ્રજાની એકતા અને શિસ્ત પ્રશંસનીય હતી. — સમજાવો.

(42) સમ્રાટ અશોકના શિલાલેખોમાંથી પ્રાપ્ત થતા સંદેશાની માહિતી જણાવો.

(43) ગુપ્તોના સિક્કાઓ વિશે ખ્યાલ આપો.

(44) નાલંદા વિદ્યાપીઠ એ વિશ્વ વિદ્યાપીઠ હતી - વિગતે ચર્ચા કરો.

(45) નીચેનું ચિત્ર જોઈને પ્રશ્નોના જવાબ આપો. **(કેસ સ્ટડી આધારિત પ્રશ્ન)**




(a) આપેલ ચિત્ર કયા સ્થાપત્યનું છે ?

(b) આ સ્થાપત્ય કયા રાજ્યમાં આવેલું છે ?

(c) આ સ્થાપત્ય બીજા કયા નામે ઓળખાય છે ?

**અથવા**

(45) મોઢેરાનાં સૂર્યમંદિર વિશે જણાવો. **(ફક્ત દૃષ્ટિહીન ઉમેદવાર માટે જ.)**

(46) આરબ આક્રમણોની અસરો જણાવો.

(47) 'વિજયનગર સામ્રાજ્યમાં સામાજિક પરિસ્થિતિ' ઉપર તમારા શબ્દોમાં નોંધ લખો.

(48) હુમાયુની નિષ્ફળતાનાં કારણો આપો.

**વિભાગ - E**

- **નીચે આપેલા 49 થી 53 સુધીના પ્રશ્નોમાંથી કોઈપણ ત્રણ (03) પ્રશ્નોના સવિસ્તાર ઉત્તર લખો :** **[15]**
**(પ્રત્યેકના 5 ગુણ)**

(49) વેદકાલીન ભારતની રાજકીય સ્થિતિ સ્પષ્ટ કરો.

(50) ઉપનિષદમાં વર્ણવેલા આધ્યાત્મિક વિચારધારાનું વિવેચન તમારા શબ્દોમાં મૂલવો.

(51) નીચે આપેલા ફકરાનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ લખો : **(કેસસ્ટડી આધારિત પ્રશ્ન)**

બૌદ્ધધર્મ શરૂઆતથી જ દાર્શનિક વાદવિવાદથી પર હતો. તેમાં ધર્મનાં ગૂઢ રહસ્યોની વાતો કે ભારે તત્ત્વજ્ઞાનની સમજ ન હતી. આ ધર્મ સાદો અને સરળ હતો. તેમાં કોઈ ખર્ચાળ ક્રિયાકાંડ ન હતા. તેનો ઉપદેશ પણ સાદી અને સરળ પાલી ભાષામાં હતો. અહીં વર્ણવ્યવસ્થા કે જાતિ કે લિંગભેદના

ઝઘડા ન હતા. તેમ જ બુદ્ધના સત્ય, નમ્રતા, સાધુતા, સંયમ અને કરુણામય વ્યક્તિત્વને કારણે લોકો બૌદ્ધધર્મ તરફ આકર્ષાયા હતા. સાથે જ બૌદ્ધધર્મના સુસંઠિત પ્રચાર વ્યવસ્થાના કારણે બુદ્ધના જીવનકાળ દરમિયાન જ બૌદ્ધધર્મ ઝડપથી ફેલાવા લાગ્યો. મગધ, કૌશમ્બીના રાજાઓ અનેક ગણરાજાઓ, અનેક ગણરાજ્યો અને તેની પ્રજાએ બૌદ્ધધર્મને અપનાવ્યો. પ્રસિદ્ધ મૌર્ય સમ્રાટ અશોકે ઈ.સ. પૂર્વે ત્રીજી સદીમાં બૌદ્ધધર્મ અપનાવ્યો. આ ઘટના ઈતિહાસમાં યુગપ્રવર્તક ઘટના ગણાય છે. અશોકે આ ધર્મને મધ્ય એશિયા, પશ્ચિમ એશિયા અને શ્રીલંકામાં ફેલાવ્યો. પરિણામે બૌદ્ધધર્મ વિશ્વધર્મ બન્યો. બૌદ્ધધર્મને રાજ્યાશ્રય આપી બર્મા, તિબેટ, ચીન, જાપાન, સિયામ, મલાયા વગેરે દેશોમાં બૌદ્ધ સાધુઓ મોકલી બૌદ્ધધર્મના સિદ્ધાંતો અને સદ્દવર્તનના નિયમોનો પ્રચાર કર્યો.

(a) બૌદ્ધધર્મ તરફ આકર્ષાવાનું કારણ શું હતું ? તમારા મતે જણાવો.

(b) ગણરાજ્યોએ બૌદ્ધધર્મ શા માટે અપનાવ્યો ?

(c) ઈતિહાસમાં યુગપ્રવર્તક ઘટના કઈ ગણાય છે ? વર્ણવો.

(d) બૌદ્ધધર્મ વિશ્વધર્મ બન્યો શાથી ?

(E) બૌદ્ધધર્મનો ફેલાવો વિશ્વના કયા-કયા દેશોમાં થયો હતો ?

(52) ગાંધાર કલા શૈલી વિશે સમજાવો.

(53) રાણા સંગ્રામસિંહે કઈ કઈ લડાઈમાં ભાગ લીધો હતો ?

# શૈક્ષણિક વર્ષ 2024-25

## Competency Based Questions (ક્ષમતા આધારિત પ્રશ્નો)ની વિગત

**ધોરણ - 11** **વિષય : ઈતિહાસ**

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency(ક્ષમતા) | | Learning Outcomes (અધ્યયન નિષપત્તિ) |
|---|---|---|---|---|---|
| | **વિભાગ - A** | | | | |
| 2 | વિશાળ સ્નાનાગર : મોહેં-જો-દડો, ખેડેલા ખેતરનાં પુરાવા : ............ | 01 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1108 | હડપ્પીય સભ્યતાની વિશિષ્ટતાઓ નગર આયોજન તેના અવશેષો, હડપ્પીય સભ્યતાના સ્થળોની માહિતી મેળવી ચર્ચાસત્રનું આયોજન કરી શકે. |
| 3 | નીચેનામાંથી કોનું વિધાન સાચું નથી ? | 01 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | HIS-1112 | વિદ્યાર્થીઓ વૈદિક સાહિત્યમાં સમાવિષ્ટ બાબતોની સમજ કેળવી શકે. |
| 5 | જૈન શાસ્ત્રોનાં મતાનુસાર પ્રથમ તીર્થંકર ઋષભદેવ (આદિનાથ) હતાં તો ચોવીસમાં તીર્થંકર કોણ હતા ? | 01 | સંસોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1110 | જૈન અને બૌદ્ધ ધર્મના સાંસ્કૃતિક તથા વૈચારિક પ્રદાનનું મહત્ત્વ સમજે. |
| 7 | કૌટિલ્યનું અર્થશાસ્ત્ર કયા વિષય પર પ્રકાશ પાડતો ગ્રંથ છે ? | 01 | જીવન કૌશલ્ય અને કારકિર્દી માર્ગદર્શન | HIS-1125 | મૌર્યયુગના ઉદયમાં કૌટિલ્યના યોગદાનની માહિતી મેળવી ચંદ્રગુપ્ત મૌર્યની શાસન-વ્યવસ્થા તથા સિદ્ધિઓની ચર્ચા કરી તેના સમૃદ્ધ વારસાને સમજી શકે. |
| 10 | જોડકાં જોડો. | 01 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1132 | શિક્ષણના ધામ તક્ષશિલા અને નાલંદાની ભવ્યતાને સમજે. |
| 11 | નીચેનાં વિધાનો વાંચી સાચો વિકલ્પ પસંદ કરો. | 01 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | HIS-1140 | રાજપૂતયુગની સ્થાપત્યકલા તથા સાંસ્કૃતિક સિદ્ધિઓની ચર્ચા કરે. |
| 14 | દિલ્હી સલ્તનતના રાજવંશોને તેમના વંશાનુક્રમ અનુસાર ગોઠવો. | 01 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1142 | દિલ્હી સલ્તનતના રાજવંશો વિશે માહિતી એકત્રિત કરે. |
| | **વિભાગ - B** | | | | |
| 17 | મને ઓળખો : "હું વૈદિક ઈતિહાસ જાણવાનો મહત્ત્વપૂર્ણ સ્ત્રોત છું." | 01 | લવચિકતા અને વ્યક્તિગત શિક્ષણ | HIS-1111 | વૈદિક ધર્મ અને સંસ્કૃતિની સમજ કેળવે. |

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency(ક્ષમતા) | Learning Outcomes (અધ્યયન નિષ્પત્તિ) |
|---|---|---|---|---|
| 18 | અજ્ઞાનનો નાશ કરીને પરમતત્ત્વ કે જ્ઞાન તરફ ગતિ કરાવનાર શાસ્ત્ર એટલે... | 01 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1116 બ્રાહ્મણ ગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો તેમાં દર્શાવેલ દાર્શનિક વિચારધારાને વિગતવાર સમજી શકે. |
| 19 | "ભલે મારો દેહ નાશ પામે કે ન રહે, હવે હું આ આસન પરથી ત્યાં સુધી ઊઠીશ નહીં, જ્યાં સુધી મને સાચું અને પૂર્ણ જ્ઞાન-બોધ પ્રાપ્ત નહિ થાય." આ પ્રતિજ્ઞા કોણે લીધી હતી ? | 01 | સર્વાંગી વિકાસ | HIS-1121 મહાવીર સ્વામી તથા ગૌતમ બુદ્ધના જીવનમાંથી પ્રેરણા મેળવી ચર્ચા કરી શકે. |
| 21 | કલિંગનું યુદ્ધ કયા મહાન સમ્રાટના હૃદયપરિવર્તન સાથે સંકળાયેલું છે ? | 01 | જીવનકૌશલ્ય અને કારકિર્દી માર્ગદર્શન | HIS-1123 મગધ સામ્રાજ્યનો ઉદય, વિકાસ તથા સામ્રાજ્યના વિસ્તારથી પરિચિત થાય. |
| | વિભાગ - C | | | |
| 31 | ગૌતમ બુદ્ધની પ્રતિમા જે શૈલીમાં તૈયાર થઈ હતી તે શૈલીનું વર્ણન કરો. | 02 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | HIS-1120 જૈન અને બૌદ્ધ ધર્મના સાંસ્કૃતિક તથા વૈચારિક પ્રદાનોનું મહત્ત્વ સમજે. |
| 33 | ભારત અને વિશ્વ સાહિત્યની શ્રેષ્ઠ નાટ્યકૃતિ 'અભિજ્ઞાન-શાકુન્તલમમ્'નાં રચયિતા સંસ્કૃત સાહિત્યના મહાકવિ કાલિદાસની અન્ય કૃતિઓના નામ જણાવો. | 02 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1130 ગુપ્ત શાસકોનું વહીવટીતંત્ર, અર્થ-વ્યવસ્થા, સમાજ, સાહિત્ય, કલા, ધર્મ, વિજ્ઞાન, ટેક્નોલોજીની સમજ કેળવી તેની સિદ્ધિઓની ચર્ચા કરે. |
| 34 | હાલમાં નવી પ્રચલિત દસ રૂપિયાની ચલણી નોટ પર આપેલ સ્થાપત્ય ઓળખી તેના વિશે માહિતી આપો. | 02 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1133 હર્ષવર્ધન પછીના સમયની ભારતની પરિસ્થિતિ તથા કલા-સ્થાપત્યને સમજી તેનું મૂલ્યાંકન કરી શકે. |
| 38 | મુઘલ બાદશાહ અકબરની ધાર્મિક નીતિનું પરીક્ષણ કરો. | 02 | વિવેચનાત્મક વિચાર અને સમસ્યાનું સમાધાન | HIS-1145 વિવિધ સ્ત્રોતોની મદદથી મુઘલયુગની સ્થાપના તથા તેના શાસકો વિશે માહિતી એકત્રિત કરે. |
| | વિભાગ - D | | | |
| 39 | શું તમે માનો છો કે - 'સિક્કાઓ ઈતિહાસ જાણવાનું અગત્યનું સાધન છે.' તમારા વિચારો જણાવો. | 03 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1105 પ્રાચીન ભારતના લેખિત સાધનોનો અભ્યાસ કરી ઈતિહાસ લેખનમાં યોગદાન આપી શકે. |

| પ્રશ્નનો ક્રમ | પ્રશ્નની ટૂંકમાં વિગત | ગુણ | Competency(ક્ષમતા) | Learning Outcomes (અધ્યયન નિષપત્તિ) | |
|---|---|---|---|---|---|
| 42 | સમ્રાટ અશોકના શિલાલેખોમાંથી પ્રાપ્ત થતા સંદેશાની માહિતી જણાવો. | 03 | સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1120 | જૈન અને બૌદ્ધ ધર્મના સાંસ્કૃતિક વૈચારિક પ્રદાનનું મહત્ત્વ સમજે. |
| 47 | વિજયનગર સામ્રાજ્યમાં સામાજિક પરિસ્થિતિની નોંધ લખો. | 03 | નૈતિક તેમજ બંધારણીય મૂલ્યો | HIS-1138 | ભારતના વીર રાજપૂતોના ગૌરવવંતા ઈતિહાસને આત્મસાત કરે. |
| | **વિભાગ - E** | | | | |
| 50 | ઉપનિષદમાં વર્ણવાયેલા આધ્યાત્મિક વિચારધારાનું વિવેચન તમારા શબ્દોમાં મૂલવો. | 05 | જીવન કૌશલ્ય અને કારકિર્દી માર્ગદર્શન | HIS-1116 | બ્રાહ્મણગ્રંથો, આરણ્યકો, ઉપનિષદો, તેમાં દર્શાવેલ દાર્શનિક વિચારધારાને વિગતવાર સમજી શકે. |
| 51 | નીચે આપેલા ફકરાનો અભ્યાસ કરી પ્રશ્નોના જવાબ લખો. (કેસ-સ્ટડી આધારિત પ્રશ્ન) | 05 | જીવન કૌશલ્ય અને કારકિર્દી માર્ગદર્શન સંશોધન અને તપાસ આધારિત શિક્ષણ | HIS-1220 | જૈન અને બૌદ્ધ ધર્મના સાંસ્કૃતિક તથા વૈચારિક પ્રદાનનું મહત્ત્વ સમજે. |
| | **કુલ** | **38** | | | |